શનિવાર, 13 ડિસેમ્બર, 2025 માગશર વદ નવમી

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## ઇન્ડિગો મુસાફરોને આપશે ₹20,000 સુધીનો ફાયદો! ફ્લાઇટ રદ થતા એરલાઇને માંગી માફી

ડિસેમ્બરની શરૂઆતમાં જો તમારી ઇન્ડિગોની ફ્લાઇટ કેન્સલ થઈ હતી અને તમે એરપોર્ટ પર પરેશાન થયા હતા, તો આ સમાચાર તમારા કામના છે. DGCAના દબાણ બાદ ઇન્ડિગોએ હવે પોતાની ભૂલ સુધારવા માટે મુસાફરોને વળતર અને ફ્રી ટ્રાવેલ વાઉચર આપવાની જાહેરાત કરી છે. શું છે આખી સ્કીમ, જુઓ આ રિપોર્ટ. ઇન્ડિગોની ફ્લાઇટ્સ રદ થવાને કારણે ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો. મુસાફરોના આર્થિક નુકસાન અને આક્રોશને જોતા DGCAએ કડક પગલાં લીધા હતા. પરિણામે, હવે ઇન્ડિગોએ 3, 4 અને 5 ડિસેમ્બરે અસરગ્રસ્ત મુસાફરો માટે વળતર જાહેર કર્યું છે. આ રાહત પેકેજમાં બે ભાગ છે: પહેલું, રોકડ વળતર: DGCAના નિયમો મુજબ મુસાફરોને ₹5,000 થી ₹10,000 સુધીની રકમ મળશે. આ રકમ તમારી ફ્લાઇટના અંતર અને ટિકિટના ક્લાસ મુજબ નક્કી થશે. બીજું, સ્પેશિયલ ટ્રાવેલ વાઉચર: જે મુસાફરો સૌથી વધુ હેરાન થયા છે, એટલે કે જેમની ફ્લાઇટ વારંવાર રિશિડ્યૂલ થઈ અથવા એરપોર્ટ પર કલાકો વિતાવવા પડ્યા, તેમને ₹10,000 સુધીના વધારાના ટ્રાવેલ વાઉચર મળશે. સૌથી સારી વાત એ છે કે આ વાઉચરની વેલિડિટી 12 મહિનાની રહેશે અને તે ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ બંને રૂટ પર વાપરી શકાશે. ઇન્ડિગોએ સ્પષ્ટ કર્યું છે કે વળતર અને વાઉચરની વિગતો મુસાફરોને તેમના રજિસ્ટર્ડ ઈ-મેલ અને મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવી છે. કંપનીએ થયેલી અસુવિધા બદલ માફી માંગી છે.



## વડોદરામાં અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં બેનાં મોત

વડોદરામાં છેલ્લા કેટલાંક દિવસોમાં ચાર અલગ માર્ગ અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. મકરપુરા વિસ્તારમાં વેગન-આર કારના ચાલકે જામ્બુવા નેશનલ હાઇવે પર હિતેશ પંચાલની મોટરસાયકલને ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા. એ જ પોલીસ સ્ટેશન હદમાં, ટાટા નેક્સોન કારનાં અજાણ્યા ચાલકે શ્રીજી હોસ્પિટલ સામે રોડ ક્રોસ કરી રહેલા નયનભાઈ મરાઠેને ટક્કર મારતા તેમનું મોત થયું. કપુરાઈ વિસ્તારમાં નેશનલ હાઈવે 48 પર અજાણ્યા વાહન ચાલકે 74 વર્ષીય પરશોત્તમ મકવાણાને ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ મોત થયું. ગોરવા વિસ્તારમાં ઈંકલાબ સર્કલ પાસે કીયા કારના ચાલકે સલીમ શેખની સ્કુટીને ટક્કર મારતા તેમને ગંભીર ઇજા પહોંચી. તમામ બનાવોની તપાસ ચાલુ છે.

## વડોદરામાં છેતરપીંડી અને વિશ્વાસઘાતના અનેક બનાવ ખુલ્યા


વડોદરાના વિવિધ વિસ્તારોમાં છેતરપીંડીના પાંચ કેસ નોંધાયા છે. સિટી વિસ્તારમાં ત્રણ વ્યક્તિઓએ 66 લાખની બે થાર અને એક ઓડી કાર ભાડે લઇ બીજા લોકોને ગીરવે આપી પરત ન કરતાં વિશ્વાસઘાતનો કેસ થયો. છાણી વિસ્તારમાં બે આરોપીઓએ બેંક એકાઉન્ટ ભાડે આપી 12.64 લાખની સાયબર ઠગાઈ કરી. જે.પી. રોડ વિસ્તારમાં બે અલગ બનાવોમાં શૂઝ અને ગારમેન્ટના ધંધામાં રોકાણના બહાને 9.94 લાખની છેતરપીંડી કરાઈ. ફતેહગંજમાં બેન્ક એકાઉન્ટનો દુરુપયોગ કરી 14.07 લાખની ઓનલાઈન ઠગાઈની ફરિયાદ નોંધાઈ. તમામ કેસોમાં વધુ તપાસ ચાલુ છે.

## વડોદરા: કાયાવરોહણ-પોર રોડ પર ભયાનક અકસ્માત,

વડોદરા. વડોદરા જિલ્લાના પોર નજીક કાયાવરોહણથી પોર તરફના માર્ગ પર આજે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં પોર ગામના રહેવાસી ૨૭ વર્ષીય યુવાન યોગેશ અરવિંદભાઈ તડવીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મૃતક યોગેશ તડવી પોર જીઆઈડીસીમાં નોકરી કરતા હતા. તેઓ તેમના મિત્રના પરિવારને લગ્ન પ્રસંગમાંથી પરત મૂકીને ઈકો કારમાં પોર તરફ આવી રહ્યા હતા. રાત્રે અંદાજે અઢી વાગ્યાના સુમારે અણખી ગામની સીમમાં ખેતર પાસે તેમની કારને વિરુદ્ધ દિશામાંથી પુરઝડપે અને બેદરકારીથી આવી રહેલા ડમ્પર ટ્રક સાથે જોરદાર અથડામણ થઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે યોગેશ કારમાં ફસાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. કરજણ ફાયર વિભાગની ટીમે લગભગ એક કલાકની ભારે જહેમત બાદ કારના પતરા કાપીને મૃતદેહને બહાર કાઢ્યો હતો. યોગેશના નિધનથી તેમના ૬ વર્ષના પુત્રે પિતાની છત્રછાયા ગુમાવી છે. મૃતકના પિતા અરવિંદભાઈ તડવીએ ફરાર ટ્રક ચાલક સામે વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



## રસુલાબાદ સરપંચ પર ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ શરૂ



વાઘોડિયા તાલુકાના રસુલાબાદ સરપંચ કમલેશ વસાવા અને ડેપ્યુટી સરપંચ મિતેશ જાદવ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ ટીડીઓએ તપાસ શરૂ કરી છે. કોન્ટ્રાક્ટર પાસેથી ટકાવારી પેટે રકમ લેવાના આક્ષેપોને લઈને સભ્યે લેખિત અરજી કરી હતી. તપાસ દરમિયાન સરપંચનો શાકભાજી વેચતો વીડિયો અને કથિત ઓડિયો વાયરલ થતાં ચર્ચા વધી. ટીડીઓએ તલાટીને સાથે રાખી સ્થળ પર તપાસ હાથ ધરી છે. પરિણામના આધારે કાર્યવાહી થશે.

## વડોદરામાં ડોક્ટરની બેદરકારીથી સિક્યુરિટી ગાર્ડનું મોત



વડોદરામાં અકસ્માતોની શ્રેણી વચ્ચે માણેજા વિસ્તારમાં ડોક્ટર સંદીપ ખૂંટની બેદરકારીભરી ડ્રાઇવિંગથી 56 વર્ષીય સિક્યુરિટી ગાર્ડ નયનભાઈ મરાઠેનું મોત થયું. શ્રીજી હોસ્પિટલ સામે રોડ ક્રોસ કરતા સમયે કારએ જોરદાર ટક્કર મારી. ઘટનાના પળોમાં જ ગાર્ડનો જીવ બચાવી શકાયો નહોતો. મૃતકના પુત્ર જયરાજે જણાવ્યું કે પિતા શિવાભી સોસાયટીમાં કામ કરતા હતા અને ઘરે જવા નીકળ્યા હતા ત્યારે દુર્ઘટના બની.

## દહેજ ત્રાસથી પીડાયેલી મહિલાની ફરિયાદ નોંધાઈ

વડોદરાના મકરપુરા વિસ્તારમાં તરસાલીની રહેવાસી નંદનીબેન શેખાવતે પોતાના પતિ પ્રદિપસિંહ શેખાવત, સાસુ અને કાકા સસરા (રહે. રાજસ્થાન) વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. રજૂઆત મુજબ લગ્ન બાદથી જ દહેજ તરીકે ગાડી અથવા રૂ. 5 લાખની માંગણી કરવામાં આવતી હતી. માંગણી પૂર્ણ ન થતાં નંદનીબેનને શારીરિક અને માનસિક રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, આરોપીઓએ નંદનીબેનનું સ્ત્રીધન અને ઘરવખરી મળી કુલ રૂ. 46 લાખના મૂલ્યનો સામાન પોતાના કબજામાં રાખી લીધો હતો. અંતે, તેને ઘરમાંથી બહાર કાઢી મૂકવામાં આવી હતી. સમગ્ર કેસની વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## મહેસાણાનો પરિવાર લીબિયામાં બંધક: 2 કરોડની ખંડણી મંગાઈ

કબૂતરબાજી અને ગેરકાયદે વિદેશ જવાના કિસ્સામાં વધુ એક ગુજરાતી પરિવાર ફસાયો છે, અને આ વખતે સ્થિતિ અત્યંત ગંભીર છે. મહેસાણાના બાદલપુરા ગામના દંપતી અને તેમની માસૂમ દીકરીને લીબિયામાં બંધક બનાવીને 2 કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે. શું છે આખો મામલો,

**જુઓ આ રિપોર્ટ.**

સારી જિંદગીની આશમાં નીકળેલા કિસ્મતસિંહ ચાવડાને કલ્પના પણ નહોતી કે તેઓ યુરોપને બદલે આતંકવાદી પ્રવૃત્તિઓથી ખદબદતા દેશ લીબિયામાં પહોંચી જશે. હર્ષિત મહેતા નામના એજન્ટે કિસ્મતસિંહના યુરોપમાં રહેતા ભાઈના વિશ્વાસ પર આ સોદો પાર પાડ્યો હતો. 29 નવેમ્બરે દુબઈથી તેમને ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યા, એમ કહીને કે આગળના વિઝા મળી જશે, પરંતુ તેમને સીધા લીબિયાના બેંગાજીમાં ઉતારી દેવાયા. ત્યાં પહોંચતા જ માફિયાઓએ આખા પરિવારનું અપહરણ કરી લીધું. કિસ્મતસિંહની હાલત અત્યારે દયનીય છે. તેણે કાકાને ફોન પર રડતા અવાજે કહ્યું કે, "અહીં સ્થિતિ ખૂબ ખરાબ છે, જે હોય તે ક્લિયર કરાવો નહીંતર આ લોકો મારી નાખશે." અપહરણકર્તાઓ અત્યંત ક્રૂર છે, તેમણે કડકડતી ઠંડીમાં કિસ્મતસિંહનું સ્વેટર પણ ઉતરાવી લીધું છે અને જમવાનું પણ બંધ કરી દીધું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે 3 વર્ષની બાળકી અને કિસ્મતસિંહના પત્ની હીનાબેનને તેમનાથી અલગ રાખવામાં આવ્યા છે.

એજન્ટ હર્ષિત મહેતાએ પરિવારને સંપૂર્ણપણે અંધારામાં રાખ્યો હતો. હાલ કિસ્મતસિંહના કુટુંબીજનોએ મહેસાણા કલેક્ટર કચેરીએ ધા નાખી છે. પરિવારની માંગ છે કે પૈસા જે થતા હોય તે, પણ સરકાર હસ્તક્ષેપ કરે અને તેમના બાળકોને જીવતા પરત લાવે.

આ ઘટના ફરી એકવાર લાલબત્તી સમાન છે કે અજાણ્યા અને બિનરજિસ્ટર્ડ એજન્ટો પર ભરોસો મૂકવો કેટલો જીવલેણ સાબિત થઈ શકે છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરામાં એક જ દિવસે ૨૮ દારૂ કેસો દાખલ

વડોદરા શહેરમાં 11 ડિસેમ્બર, 2025ના રોજ દારૂના ગેરકાયદેસર વેચાણ અને સંગ્રહ સામે વિશાળ સ્તરે કાર્યવાહી હાથ ધરવામાં આવી. શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ કરતાં કુલ 28 પ્રોહિબિશન કેસો નોંધાયા હતા. આ કામગીરી દરમિયાન રૂ. 3,79,602નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો. જપ્ત દારૂમાં 826 લીટર દેશી દારૂ (કિંમત રૂ. 16,520) અને 1152 ક્વાર્ટર ઇંગ્લીશ દારૂનો સમાવેશ થાય છે, જે દારૂના ગેરવહિવટનું મોટું જથ્થું ગણાય છે. તપાસ દરમિયાન પીધેલી હાલતમાં મળેલા 20 લોકો સહિત કુલ 39 વ્યક્તિઓને અટકાયત કરવામાં આવી. શહેરમાં ગેરકાયદે દારૂના પ્રવાહમાં વધારો જોવા મળતા તંત્ર દ્વારા દેખરેખ વધુ કડક બનાવવામાં આવી છે. ડોદરાના વિવિધ વિસ્તારો—બજારો, રહેણાંક સોસાયટીઓ અને આઉટસ્કર્ટ વિસ્તારોમાં વહેલી સવારે તેમજ મોડી રાત્રે ચેકિંગ વધારાયું છે. સતત દડાકેદાર કાર્યવાહી દ્વારા ગેરકાયદે દારૂના નેટવર્કને અસરકારક રીતે ધક્કો આપવા તંત્રનું ધ્યાન છે

## સાવરકુંડલામાં નોકરીના નામે લાખોની છેતરપીંડી

સાવરકુંડલા. સાવરકુંડલા નગરપાલિકામાં કાયમી નોકરીની લાલચ આપીને સફાઈ કામદારો પાસેથી લાખો રૂપિયા પડાવી લેવાના ગંભીર મામલે ચકચાર મચી ગઈ છે. દાનાભાઈ પરમાર, કપિલભાઈ બેરડીયા સહિત પાંચ સફાઈ કામદારોએ નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી છે.

પીડિતોના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૧માં થયેલી સફાઈ કામદારની ભરતીના અનુસંધાનમાં નિકુલ વિઠલાણી અને હેમાંગ ગઢીયા નામના ઈસમોએ કાયમી નોકરી આપવાની બાંહેધરી આપીને તેમની પાસેથી મોટી રકમ લીધી હતી. જેમાં કપિલભાઈ બેરડીયા પાસેથી સૌથી વધુ ₹૭ લાખ, બંસીભાઈ પરમાર પાસેથી ₹૫ લાખ, અને દાનાભાઈ પરમાર તેમજ બે રાજુભાઈ પરમાર પાસેથી અનુક્રમે ₹૪ લાખ અને ₹૩.૫ લાખ લેવામાં આવ્યા હતા.

પીડિતોનો આક્ષેપ છે કે, વારંવાર આસામીઓ દ્વારા આજકાલ કહીને ટાળવામાં આવે છે અને આજદિન સુધી પૈસા પરત આપ્યા નથી. ઉપરાંત, પૈસા પાછા માંગતા તેમને વારંવાર ધમકીઓ પણ આપવામાં આવે છે. પીડિતોએ ન્યાય મેળવવા માટે આસામીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ચીફ ઓફિસર સમક્ષ નમ્રતાપૂર્વક માંગણી કરી છે. **રિપોર્ટ: સરફરાઝ ખોખર, અમરેલી**



## વડોદરામાં અલગ-અલગ સ્થળે મારામારીના ચાર બનાવ નોંધાયા

વડોદરામાં 7 થી 8 ડિસેમ્બર 2025 દરમિયાન વિવિધ વિસ્તારોમાં મારામારી અને ધમકીના ચાર અલગ બનાવો સામે આવ્યા છે. સમા વિસ્તારમાં ફરિયાદી રૂપલાલ શ્રીનિવર કોરી સાથે લાલ રંગની કારના અજાણ્યા ચાલકે ગાડી ચલાવવાના મુદ્દે ઝઘડો કરી ધમકી આપી હતી. જવાહરનગર વિસ્તારમાં બે અલગ કેસોમાં રણોલી ગામે ઝપાઝપીના બનાવો નોંધાયા. પ્રથમ કેસમાં ફરિયાદી પ્રજેશ પટેલ સાથે મનેષ રાજપુત અને તારક મહીડા સહિત 11 ઈસમોએ ગાળો બોલીને ઝપાઝપી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી. બીજા કેસમાં નરેન્દ્રસિંહ મહીડાના દીકરા તારક મહીડા સાથે વળતરનાં પગાર મુદ્દે બોલાચાલી બાદ પ્રજેશ પટેલ અને ચિરાગ પટેલ સહિત 7 ઈસમોએ ઝપાઝપી કરી ધમકી આપી. નવાપુરામાં કરણ વાલીયા સાથે ડીજે અવાજના મુદ્દે વિવાદ થયો હતો, જેમાં આરોપી વિપુલભાઈ અને દેવાંગભાઈ પઢીયારે લોખંડની પાઇપ અને કોસ વડે પ્રહાર કરી ઈજા પહોંચાડી. તમામ બનાવોમાં આગળની તપાસ ચાલી રહી છે.

## શિયાળબેટમાં ડ્રેજિંગ વિરોધ, માછીમારોની જીવિકાને ખતરો

અમરેલી/જાફરાબાદ. જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના માછીમારો અને રહેવાસીઓએ પીપાવાવ પોર્ટ દ્વારા ખાનગી કંપની થકી ચાલી રહેલી નવી ગેસ જેટી માટેની ડ્રેજિંગ કામગીરી સામે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે મળીને ગ્રામજનોએ કલેક્ટર વિકલ્પ ભારદ્વાજને આવેદનપત્ર સુપરત કરી ડ્રેજિંગ તાત્કાલિક સ્થગિત કરવાની માંગ કરી હતી.

ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સ્પષ્ટતા કરી કે, "ઉદ્યોગના ભોગે ગામ આખું બરબાદ થઈ જાય તેવું નહીં થવા દઈએ. ગ્રામજનોની રોજીરોટી સુરક્ષિત રહે તે અમારી પ્રાથમિકતા છે." ગ્રામજનોનો મુખ્ય આક્ષેપ છે કે ડ્રેજિંગ દરમિયાન માછીમારોના બોયા કાઢી નાખવામાં આવ્યા છે અને જાળને મોટું નુકસાન પહોંચ્યું છે, જેનું વળતર અપાયું નથી.

શિયાળબેટના સરપંચ મંજુબેન બાલધીયાએ જણાવ્યું કે, "ડ્રેજિંગથી નાના પાયાના માછીમારોની આખી રોજી રોટી જોખમમાં છે. વળી, ઊંડાણપૂર્વકના ડ્રેજિંગથી દરિયાના પથ્થરો બહાર આવતા શિયાળબેટ ટાપુને પણ જોખમ ઊભું થયું છે." સ્થાનિકોને ૫૦% રોજગારી પણ ન મળતા અસંતોષ છે. કલેક્ટરને માછીમારોને યોગ્ય વળતર આપવા અને ટાપુના અસ્તિત્વને ખતરામાં મુકતા કાર્યો રોકવા માંગ કરાઈ છે.

**રિપોર્ટ : સરફરાઝ ખોખર, અમરેલી**



**શિયાળબેટ ગામના રહેવાસીઓએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે મળીને પીપાવાવ પોર્ટના ડ્રેજિંગ સામે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું. ટાપુ અને માછીમારોની આજીવિકા જોખમમાં.**

## પહાડી-નાની અડબોલીમાં નંદઘર નિર્માણનું ખાતમુહૂર્ત પૂર્ણ

મહેમદાવાદ. મહેમદાવાદ તાલુકાના પહાડી-નાની અડબોલી ગામે બાળકોના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે નંદઘર (આંગણવાડી) ના નવનિર્માણ કાર્યનું વિધિવત્ રીતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ નવું નંદઘર ગામના નાનાં બાળકોને પોષણ, પ્રાથમિક શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી જરૂરી સુવિધાઓ વધુ સુગમ અને સુવ્યવસ્થિત રીતે પૂરી પાડશે.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય શ્રી ગૌતમસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વિનોદભાઈ ડાભી, કા. ચેરમેન શ્રી નિલેશભાઈ ચૌહાણ, પૂર્વ પ્રમુખ શ્રી અજબસિંહ, સરપંચ શ્રી કાળુસિંહ ડાભી, પૂજાભાઈ સોઢા, ગોવિંદભાઈ ડાભી સહિત ગામના સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આગેવાનોએ જણાવ્યું હતું કે, આ નવું નંદઘર બાળકોના પ્રારંભિક વિકાસ માટે મહત્વપૂર્ણ પાયો નાખશે. સૌએ ગામના બાળકોને વધુ સારી સુવિધાઓ મળે અને ગામનો વિકાસ વધુ ગતિથી આગળ વધે તે માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પગલું શિક્ષણ અને પોષણ ક્ષેત્રે ગામના વિકાસની ગતિને વેગ આપશે.

**રિપોર્ટ : મનુભાઈ ખાંટ**



**મહેમદાવાદ તાલુકાના પહાડી-નાની અડબોલી ગામે નંદઘર (આંગણવાડી) ના નવનિર્માણનું ખાતમુહૂર્ત પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે કરાયું. બાળકોને સુગમ સુવિધાઓ મળશે.**

## વીજપડી આરોગ્ય કેન્દ્રની અવ્યવસ્થાએ દર્દીઓ પરેશાન

સાવરકુંડલા. સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાગળ પર હોસ્પિટલ બની ગયું છે, પરંતુ સુવિધાઓના અભાવે આજુબાજુના ૫૦ ગામડાના દર્દીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. હોસ્પિટલ માટે ફાળવાયેલી એમ્બ્યુલન્સ ડ્રાઇવર વગર ધૂળ ખાઈ રહી છે. ગંભીર દર્દીઓને અહીં માત્ર પ્રાથમિક સારવાર મળે છે અને ત્યાર બાદ તેમને સ્વખર્ચે સાવરકુંડલા કે અમરેલી રિફર કરવામાં આવે છે.

તાજેતરમાં વીજપડી બસ સ્ટેન્ડ પર એસટી બસ સાથેના અકસ્માતમાં ૬૦ વર્ષના વૃદ્ધનું મૃત્યુ થતાં, મૃતદેહને પીએમ માટે સાવરકુંડલા ખસેડવાનો હતો. પરંતુ એમ્બ્યુલન્સના અભાવે મૃતદેહ બેથી ત્રણ કલાક સુધી રઝળ્યો હતો. હોસ્પિટલના ફરજ પરના ડૉક્ટરે મૃતકના સગાને પોતાની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. મીડિયાએ હસ્તક્ષેપ કરતાં ડૉક્ટરોએ સ્વખર્ચે વાહનની વ્યવસ્થા કરી આપી. ડૉક્ટરે મીડિયા સમક્ષ સ્વીકાર્યું કે, ઉપરથી કોઈ પણ પ્રકારના સાધનો કે એમ્બ્યુલન્સના ડ્રાઇવરની મંજૂરી આપવામાં આવતી નથી. વીજપડીમાં નેતાઓ મોટી-મોટી સુવિધાઓની વાતો કરે છે, પરંતુ હકીકત કઈક અલગ જ છે.

**રિપોર્ટ : સરફરાઝ ખોખર અમરેલી**



## લિંબાયત બજારમાં નકલી નોટ રેકેટનો પર્દાફાશ

સુરતના ધમધમતા લિંબાયત માર્કેટમાં એક જાગૃત નાગરિકની સતર્કતાએ આંતરરાજ્ય નકલી નોટ રેકેટનો પરદાફાશ કર્યો. શંકાસ્પદ રીતે 500ની નોટ વટાવવાનો પ્રયાસ કરનાર સફીકુલ ઇસ્લામને લોકો પકડી પોલીસને સોંપતા તપાસ આગળ વધીને મોટું કૌભાંડ બહાર આવ્યું. તેની પાસેથી અલગ સીરીયલની પાંચ નકલી નોટો મળી. પૂછપરછમાં જાણવા મળ્યું કે નેટવર્કનો છેડો ભેસ્તાન સુધી જોડાયેલો છે. સાહિલનગરના પ્લોટ નં–38 પર દરોડા દરમિયાન વધુ 763 નકલી નોટો મળી આવી. કુલ 769 નોટો, મૂલ્ય રૂ. 3.84 લાખ, જપ્ત કરવામાં આવી. આરોપી સફીકુલ ઇસ્લામ, મોહમદ રાકીબ શેખ અને તાજમહાલ મંડલ—all મૂળ મુર્શિદાબાદ, પશ્ચિમ બંગાળના—ને ઝડપી લેવામાં આવ્યા છે.

## સુરતમાં સાથે રહેતી પત્નીની ભરણપોષણ માંગ કોર્ટએ ફગાવી

સુરત ફેમિલી કોર્ટમાં અનોખો કેસ સામે આવ્યો, જેમાં એક જ ઘરમાં પતિ સાથે રહેતી પત્નીએ દર મહિને 50 હજાર રૂપિયાનું ભરણપોષણ માગ્યું હતું. પત્ની સ્કૂલમાં શિક્ષિકા તરીકે 20 હજારની આવક ધરાવે છતાં પતિની આવક 80 હજાર બતાવી વધુ રકમની માંગણી કરી હતી. હકીકતમાં પતિનો પગાર 35 હજાર હતો. કોર્ટએ નોંધ્યું કે પત્ની કમાઉ છે, આધારભૂત જરૂરિયાતો પૂરી થાય છે અને દંપતીSantin વિનાનું છે. તેથી આર્થિક રીતે સક્ષમ સ્ત્રીને ભરણપોષણનો હક મળતો નથી કહી અરજી ફગાવી દેવામાં આવી.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## નવસારીમાં બુટલેગરની ફિલ્મી સ્ટંટથી દારૂ જથ્થો છોડાયો



નવસારીમાં બુટલેગરે filme-style રીતે ભાગવાનો પ્રયત્ન કરતાં મોટો હંગામો સર્જાયો. દારૂ ભરેલી ક્રેટા કારને રોકવાના પ્રયાસ દરમિયાન કાર ચાલકે ઝડપ વધારી અને ટ્રક તથા ઇકો કારને અથડાવી દીધી. પછી કાર હાઈવે પર મૂકી દારૂનો જથ્થો છોડી ભાગી ગયો. કારમાંથી કુલ 1488 બોટલો મળી આવી, જેમાં વ્હીસ્કી અને રમનો સમાવેશ હતો. જથ્થાની કિંમત 4.69 લાખ અને ક્રેટા કારની 8 લાખ ગણાતાં કુલ 12.69 લાખનો મુદ્દામાલ બહાર આવ્યો. ઘટનાએ નવસારી વિસ્તારમાં ભારે ચર્ચા જગાવી.

**રિપોર્ટ : સરફરાઝ શેખ**

## અજીઝાબાનુ હત્યામાં બહેનનું કાવતરું બહાર આવ્યું

વડોદરા. વડોદરા ગ્રામ્ય જીલ્લા પોલીસે 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ અંકોડીયા ગામની સીમમાં થયેલ મહિલાના ખુનના ગુનાને ગણતરીની કલાકોમાં ઉકેલી કાઢીને બે આરોપીઓની ધરપકડ કરી છે. તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સવારે કમલેશભાઇ પટેલના ખેતર પાસે અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મરણ જનારની ઓળખ ગોરવાની અજીઝાબાનુ તરીકે કરી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અજીઝાબાનુ ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ગોરવાના રમીઝ રાજા શેખ સાથે ટુ-વ્હીલર પર ગઈ હતી. પોલીસે રમીઝ રાજાની સઘન પૂછપરછ કરતા તેણે હત્યાની કબૂલાત કરી અને આ સનસનીખેજ કાવતરા માં મૃતક અજીઝાબાનુની મોટી બહેન ફિરોજાબાનુ ઉર્ફે અનિષા પણ સામેલ હોવાનું જણાવ્યું. આ હત્યાનું મુખ્ય કારણ વીમાની રકમ હતી. આરોપીઓએ માત્ર ૧૫-૨૦ દિવસ પહેલાં અજીઝાબાનુનો રૂ. ૪૦ લાખનો વીમો ઉતરાવ્યો હતો. આ વીમાની રકમ પચાવી પાડવા માટે રમીઝ રાજાએ અજીઝાબાનુને બાઈક પર અવાવરું જગ્યાએ લઈ જઈ, તેણીના જ દુપટ્ટાથી ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે તાત્કાલિક બંને આરોપીઓ રમીઝ રાજા શેખ અને ફિરોજાબાનુ ઉર્ફે અનિષાની ધરપકડ કરી છે. પોલીસની ઝડપી કાર્યવાહીથી વીમાના પૈસા માટે થયેલા આ બહેન દ્વારા જ બહેનની હત્યાના જઘન્ય ગુનાનો ભેદ ઉકેલાયો છે.

## જેલમાં સીમકાર્ડ મળી નયના બારૈયા મુશ્કેલીમાં

ભાવનગર. ભાવનગર જેલમાં રહેલી સસ્પેન્ડેડ મહિલા પોલીસ કોન્સ્ટેબલ નયના બારૈયા સામે વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે. જેલમાં નિયમિત તપાસ દરમિયાન જેલ તંત્રને નયના બારૈયા પાસેથી ગેરકાયદેસર રીતે સીમકાર્ડ મળી આવ્યું હતું. આ પ્રતિબંધિત વસ્તુ મળી આવતાં જેલ તંત્ર હરકતમાં આવ્યું હતું અને નિલમબાગ પોલીસ સ્ટેશનમાં નયના બારૈયા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. સસ્પેન્ડેડ પોલીસકર્મી પાસેથી જેલમાં સીમકાર્ડ કેવી રીતે પહોંચ્યું, તે અંગે જેલની સુરક્ષા વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## આંકલાવમાં મહારાણા પ્રતાપની પ્રતિમા માટે કરણી સેનાનું આવેદનપત્ર

આંકલાવ. આંકલાવ ખાતે ક્ષત્રિય કરણી સેના દ્વારા રાષ્ટ્રગૌરવ મહારાણા પ્રતાપની પ્રતિમાનું સ્થાપન કરવા માટે યોગ્ય જમીન ફાળવવાની માંગ સાથે મામલતદાર સાહેબને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર આપતી વખતે કરણી સેનાની આ માંગને સર્વ સમાજના આગેવાનો દ્વારા જોરદાર સમર્થન પ્રાપ્ત થયું હતું.

સમાજમાં સંકલન અને સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા, આ કાર્યક્રમમાં ભીમ આર્મી સંગઠનના રમેશભાઈ વણકર, બ્રહ્મ સમાજના અગ્રણી અલ્પેશભાઈ પુરોહિત અને મોલેશરામ ગરાસિયા સમાજના પ્રમુખ સમીરભાઈ વાઘેલા સહિતના વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ આગેવાનોએ સાથે મળીને મામલતદાર સાહેબને આવેદનપત્ર સુપરત કર્યું હતું. આંકલાવમાં વિવિધ સમાજોએ એક મંચ પર આવીને મહારાણા પ્રતાપના સન્માન અને સ્મૃતિ જાળવવા માટેની આ માંગણી કરી છે, જેણે સ્થાનિક સ્તરે ચર્ચા જગાવી છે. મામલતદાર કચેરી દ્વારા આવેદનપત્ર સ્વીકારીને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. રિપોર્ટર: કિરણ ગોહેલ



**ક્ષત્રિય કરણી સેના, ભીમ આર્મી સમર્થન, બ્રહ્મ સમાજ આગેવાન, આંકલાવ મામલતદાર, જમીન ફાળવણી પ્રતિમા**

## EWS મકાનો ૩ વર્ષે પણ તૈયાર નહીં, લાભાર્થીઓનું ઘરનું સ્વપ્ન રોળાયું

વડોદરા. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઋત્વિજ જોષીની આગેવાનીમાં આજે શહેરના ખિસકોલી સર્કલ પાસેની EWS આવાસ યોજનાના નિર્માણમાં વિલંબના વિરોધમાં તીવ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. કોંગ્રેસે આક્ષેપ કર્યો કે, ભારતીય જનતા પાર્ટી શાસિત મહાનગરપાલિકાની બેદરકારીના કારણે ૨૦૨૨માં ₹૨૦,૦૦૦ ભરીને પોતાના ઘરનું સ્વપ્ન જોનાર ૧૯૦૦ જરૂરિયાતમંદ પરિવારો આજે પણ ઘરવિહોણા છે.

કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ મીડિયાને જણાવ્યું કે, મકાનો ૨૦૨૪માં પૂર્ણ થવાના હતા, પરંતુ આજે ત્રણ વર્ષ વીતવા છતાં કામ અધૂરું છે. વળી, લાભાર્થીઓને હેરાનગતિ થવાનો વધુ એક કિસ્સો ટાંકી તેમણે કહ્યું કે ૧૦/૧૨/૨૫ના રોજ સર સયાજીરાવ હોલ ખાતે રાખેલો ડ્રો ભાજપના નેતાઓની ગેરહાજરીના કારણે લાભાર્થીઓને જાણ કર્યા વગર રદ કરી દેવાયો હતો. કોંગ્રેસના વિરોધ બાદ ફરી ડ્રો યોજાયો, પરંતુ ડ્રો બાદ લાભાર્થીઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે તેમનું ઘર હજી તૈયાર ન હોવાનું જાણી તેમને આઘાત લાગ્યો હતો. કોંગ્રેસે આ વિલંબ માટે કોર્પોરેશન, ભાજપ અને કોન્ટ્રાક્ટરની મિલીભગત જવાબદાર હોવાનો સીધો આક્ષેપ કર્યો છે. પ્રવક્તા ડો. નિકુલ પટેલે જણાવ્યું કે, કોંગ્રેસ આ સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરશે અને કોર્પોરેટર દ્વારા સભામાં જવાબદાર અધિકારીઓ પર દંડની કાર્યવાહી માટે સવાલ ઉઠાવવામાં આવશે.



## સાયબર ફ્રોડમાં મ્યુલ એકાઉન્ટ મારફતે કરોડોની હેરફેર

રાજ્યમાં સાયબર ફ્રોડ વધતા મ્યુલ એકાઉન્ટનો દુરુપયોગ ઝડપથી બહાર આવી રહ્યો છે. એક જ દિવસમાં 15થી વધુ કેસ નોંધાતા 22 જેટલા લોકો સામે કાર્યવાહી થઈ છે. જરૂરિયાતમંદોના બેંક એકાઉન્ટ ખોલાવી એજન્ટો આપીને એકાઉન્ટનું સંચાલન કબજે લેતા હતા. તપાસમાં નરોડા અને નિકોલ વિસ્તાર સંબંધિત કેસોમાં 20 કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન સામે આવ્યા છે. સાયબર માફિયાઓ માટે એકાઉન્ટ પુરા પાડતા અનેક તત્વો પર કાર્યવાહી ચાલુ છે.

## વપરાયેલા ટીનમાં ખાદ્ય તેલ વેચાણ મુદ્દે હાઈકોર્ટ કડક

વપરાયેલા ટીન કન્ટેનરમાં ભરેલા ખાદ્ય તેલના વેચાણ સામે દાખલ જાહેરહિત અરજી પર હાઈકોર્ટએ કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ જારી કરી જવાબ માંગ્યો છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે આવા કન્ટેનરનો પુનઃઉપયોગ નાગરિકોના સ્વાસ્થ્યને ગંભીર જોખમમાં મૂકે છે. ગ્રાહક સંગઠન મુજબ ગુજરાતમાં ખાસ કરીને કપાસિયા તેલનો વપરાશ વધુ છે, તેથી સુરક્ષિત પેકેજિંગ અનિવાર્ય છે. કાનૂની નિયમ મુજબ પહેલાથી ઉપયોગમાં લેવાયેલા ટીનમાં ખાદ્ય તેલનું વેચાણ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે, છતાં કેટલાક વેચાણકર્તાઓ અનૈતિક રીતે તેનું ચલણ ચાલુ રાખતા હોવાનું જણાવાયું.

## નડાબેટને રામસર સાઇટ ન જાહેર કરવાના મુદ્દે પ્રશ્નો

વેટલેન્ડ સંરક્ષણ મુદ્દે હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો રિટની સુનાવણી દરમિયાન નડાબેટ અંગે ગંભીર મુદ્દાઓ ઉઠ્યાં. રજૂઆત મુજબ નડાબેટનો 90 ટકા ભાગ ભારતમાં હોવા છતાં તેને રામસર સાઇટ જાહેર કરાયું નથી, જ્યારે પાકિસ્તાન તેના 10 ટકા વિસ્તારમાં 2002થી જ રામસર માન્યતા આપી ચૂક્યું છે. દર વર્ષે અહીં 5 લાખથી વધુ યાયાવર પક્ષીઓ આવે છે, તેમ છતાં સંરક્ષણમાં ઉણપ હોવાનો આક્ષેપ છે. ખંડપીઠે રાજ્યના વન વિભાગના ચીફ સેક્રેટરીને વિગતવાર સોગંદનામું આપવા આદેશ આપ્યો છે. સુનાવણી 30 જાન્યુઆરીએ થશે.

## સુભાષ બ્રિજમાં ખામી મળી બંધ, વિગતવાર તપાસ ચાલુ

અમદાવાદના વ્યસ્ત સુભાષ બ્રિજના મધ્યભાગે તિરાડ અને સ્ટ્રક્ચરલ ખામી જણાતાંબ્રિજને તાત્કાલિક અસરથી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. પ્રાથમિક ઇન્સ્પેક્શનમાં ફાઉન્ડેશનની વિગતવાર તપાસ કરવાની જરૂરિયાત જોવા મળતાં નિષ્ણાત બ્રિજ ઇન્સ્પેક્શન એજન્સીઓને ટેસ્ટિંગનું કામ સોંપાયું છે. હાલ બ્રિજના પિલ્લર અને ફાઉન્ડેશનની ઊંડાણપૂર્વક ચકાસણી માટે વિવિધ મશીનરીની મદદથી ટેકનિકલ પરીક્ષણ થઈ રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન, આર એન્ડ બી ડિઝાઇન સર્કલ તથા એમ-પેનલ સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની ટીમો મળીને ઇન્સ્પેક્શન કરી રહી છે. સમગ્ર પ્રક્રિયા સોમવાર સુધી ચાલુ રહેશે. સલામતીને પગલે બ્રિજ બંધ રાખવામાં આવ્યો છે અને અંતિમ રિપોર્ટ બાદ જ નિર્ણય લેવાશે.

## અમદાવાદમાં એમડી ડ્રગ્સ ડિલિવરી અને મંદિર ચોરીનો ભેદ

અમદાવાદમાં વિશાલા સર્કલ નજીક ડ્રગ્સ ડિલિવરી માટે આવેલા યુવકને ઝડપી પાડતા રૂ. 23.49 લાખનો 234.970 ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો મળ્યો. શાહિદ અલી સૈયદ નામના આ યુવકને રાજસ્થાનના બીટ્ટુ દ્વારા પ્રતિ ડિલિવરી પાંચથી દસ હજાર કમિશન પર મોકલવામાં આવતો હતો. શોર્ટકટમાં કમાણી માટે તે ડ્રગ્સ કેરિયર બન્યો હતો. આ સાથે કૃષ્ણનગર વિસ્તારમાં ગોગા મહારાજના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ પણ ખુલ્યો છે. નિલેશ આડેસરાની ધરપકડ કરતાં જાણવા મળ્યું કે તેણે આઠથી વધુ મંદિરમાં ચોરી કરી હતી. પાસેથી ચાંદીની મૂર્તિ અને છતર મળી આવ્યા છે. પત્નીની ડિલિવરી માટે પૈસા નહીં હોવાથી ચોરી કરતો હોવાનો ખુલાસો થયો.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**


## જાયન્ટ્સ મહેસાણાનો ગ્રામ્ય સેવાનો માનવતા ભર્યો ઉપક્રમ

મહેસાણા. જાયન્ટ્સ મહેસાણા દ્વારા મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવસેવાનું કાર્ય કરવામાં આવ્યું. સંસ્થાએ મોટપ, નુગર, બોદલા, છથીયારડા, ગોરાદ, વીરતા, બુટતાપાલડી અને પાલોદર જેવા ગામોમાં રૂબરૂ જઈને સર્વે કર્યો હતો. સર્વે બાદ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ઘરવપરાશની રાશનકીટ આપવામાં આવી. આ કીટમાં ચોખા, દાળ, ગોળ, હળદર, મરચું જેવી રોજિંદી ચીજવસ્તુઓનો સમાવેશ થતો હતો. જાયન્ટ્સના પ્રમુખ યોગેશભાઈ પટેલ, ઉપપ્રમુખ વિનોદભાઈ પટેલ, જીતુભાઇ વાલા અને અમરતભાઈ પ્રજાપતિ સહિતના સભ્યોએ આ સેવામાં યોગદાન આપ્યું હતું.




## બોટાદ: લાખો રૂપિયા વેડફાયા છતાં માર્ગ ખરાબ

બોટાદ/રાણપુર. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનો બુબાવાવથી કુંડલી તરફનો મુખ્ય માર્ગ અત્યારે અતિ બિસ્માર હાલતમાં છે, જેના કારણે ૧૦ જેટલા ગામડાઓના હજારો લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ રાણપુર અને બોટાદને જોડતી મુખ્ય ધમની સમાન હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગ દ્વારા તેની ઘોર અવગણના કરવામાં આવી રહી છે.
સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે, રસ્તાનું સમારકામ માત્ર કાગળ પર જ કરવામાં આવે છે. જ્યાં રોડના સમારકામની તાતી જરૂર છે, ત્યાં ખાડાઓ પૂરવા માટે માત્ર કપચી પાથરીને છોડી દેવામાં આવે છે, પરંતુ તેના પર ડામર (બિટુમેન)નું આવશ્યક સ્તર લગાવવામાં આવતું નથી. પરિણામે, ટૂંકા ગાળામાં જ કપચી ઊખડી જાય છે અને માર્ગ ફરીથી ખાડાઓથી ભરાઈ જાય છે. આ બિસ્માર માર્ગને કારણે ખેડૂતોને પાક બજાર સુધી પહોંચાડવામાં વિલંબ થાય છે અને વાહનોને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. સવાલ એ છે કે, લોકોના પૈસાનો ધુમાડો કરનાર તંત્રના અધિકારીઓ સામે ક્યારે કાર્યવાહી થશે?
**રિપોર્ટર: જયદેવ વી. મંડીર**



**રાણપુર તાલુકો, માર્ગ અને મકાન વિભાગ બેદરકારી, કપચી પાથરી, ગુણવત્તાયુક્ત સમારકામ, ખેડૂતોની હાલાકી**

## ધારીમાં ગુડ ટચ-બેડ ટચ જાગૃતિ સાથે સન્માન કાર્યક્રમ

ધારીમાં એસ.કે. દામાણી પ્રાથમિક શાળામાં ગુડ ટચ-બેડ ટચ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાટે વિશેષ હાજરી આપી. ત્યારબાદ ધારી પોલીસ સ્ટેશન ખાતે વાર્ષિક ઇન્સ્પેક્શન તથા ગામોમાં સીસીટીવી સ્થાપિત કરનાર સરપંચોના સન્માન કાર્યક્રમનું આયોજન થયું. કાર્યક્રમમાં તાલુકાના સરપંચો, વેપારીઓ, આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા. સંજય ખરાટે ગામડાંઓમાં સીસીટીવી નાં મહત્વ અંગે ભાર મૂક્યો અને સુરક્ષા વ્યવસ્થાના સુધારાને આવકાર્યો. **રિપોર્ટર: સરફરાઝ ખોખર**



## મહીસાગર: પ્રભારી મંત્રીએ વિકાસ યોજનાઓની સમીક્ષા કરી

મહીસાગર. મહીસાગર જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવાના આશયથી પ્રભારી મંત્રી પી. સી. બરંડાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
આ બેઠકમાં જિલ્લામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓની વર્તમાન પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા યોજનાઓની આંકડાકીય માહિતી રજૂ કરી હતી. મંત્રીએ દરેક વિભાગની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી અને જ્યાં સુધારાની જરૂર જણાઈ ત્યાં તાત્કાલિક પગલાં લેવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો પૂરા પાડ્યા હતા. પ્રભારી મંત્રી પી. સી. બરંડાએ અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું કે, યોજનાઓના લાભો સાચા અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી સમયસર પહોંચાડવા એ વહીવટી તંત્રની પ્રાથમિક જવાબદારી છે. તેમણે યોજનાઓના અમલીકરણમાં વધુ ગતિશીલતા, પારદર્શિતા અને જવાબદેહિતા લાવવા માટે અધિકારીઓને સૂચન કર્યું હતું.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




## અમદાવાદના 16 ઓવરબ્રિજ પર ભારે વાહનોને પ્રતિબંધ

અમદાવાદ શહેરના 16 જુના ઓવરબ્રિજ પર હવે ભારે અને ઓવરલોડ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ 2.49 કરોડના ખર્ચે રિસ્ટ્રિક્ટેડ હાઇટ બેરિયર લગાવવામાં આવશે, જેથી જૂના બ્રિજોની સુરક્ષા જળવાઈ રહે. મોરબી અને ગંભીરા બ્રિજ દુર્ઘટનાઓ બાદ બ્રિજોની ક્ષમતાની સમીક્ષા થઈ હતી, જેમાં આ 24 થી 100 વર્ષ જૂના ઓવરબ્રિજ પર ભારવાહક વાહનો રોકવાની જરૂરિયાત જણાઈ. અન્ય બ્રિજ પર લોડિંગ ક્ષમતા દર્શાવતા સાઈનબોર્ડ પણ લગાવવામાં આવશે.

## ભદ્ર પાથરણા બજાર મુદ્દે હાઈકોર્ટનો કડક અભિગમ

અમદાવાદના ભદ્ર પાથરણા બજાર માટે વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવાના મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ખંડપીઠે સ્પષ્ટ કર્યું કે જાહેર માર્ગ કે ફૂટપાથ પર કોઈપણ પ્રકારનું દબાણ કે બાંધકામ માન્ય નહીં ગણાય. કોર્ટએ સેવા સહિતની સંસ્થાઓને તમામ અધિકૃત ફેરિયાઓની યાદી સોગંદનામા સાથે રજૂ કરવાની સૂચના આપી. ફેરિયાઓને 15 દિવસમાં વૈકલ્પિક સ્થળે ખસેડવાની તક આપવામાં આવી છે. કોર્ટએ પ્રશ્ન ઉઠાવ્યો કે અનઅધિકૃત દબાણથી રાહદારીઓ અને ફાયર વાહનો માટે મોટી મુશ્કેલી સર્જાઈ શકે છે. આગામી સુનાવણી 19 ડિસેમ્બરે રહેશે.

## કડાણા વાયર ચોરીનો ભેદ ઉકેલ્યો: ₹૧.૨૪ લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

મહીસાગર. મહીસાગર LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) એ કડાણા પંથકમાં થયેલી વીજ વાયરની ચોરીના એક ગંભીર ગુનાનો ભેદ ઉકેલી મોટી સફળતા મેળવી છે. કડાણા વિસ્તારમાંથી ₹૭૪,૦૦૦થી વધુની કિંમતના વીજ વાયરની ચોરી થઈ હતી. LCBની ટીમે ઝડપી કાર્યવાહી કરીને આ ચોરીમાં સંડોવાયેલા બે આરોપીઓને દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ તેમજ ગુનામાં વપરાયેલા વાહનો સહિત કુલ ₹૧.૨૪ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ પૂછપરછ શરૂ કરાઈ છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## મહીસાગર: બાલાસિનોરમાં ₹૨.૩૬ કરોડનો ગાંજો ઝડપાયો

મહીસાગર. પોલીસ અધિક્ષક હસન અને Dysp કમલેશ વસાવા તરફથી ગેરકાયદેસર નશીલા પદાર્થોની હેરફેર સામે કડક કાર્યવાહી કરવાના આદેશ બાદ બાલાસિનોર ટાઉન પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે રત્નાજીના મુવાડા ગામે ખેતરમાં દરોડો પાડી એરંડાની આડમાં વાવેલો ગાંજાના છોડનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ૨૫૮ છોડ, જેનું વજન ૪૭૩.૯૬૦ કિલોગ્રામ અને કિંમત ₹૨,૩૬,૯૮,૦૦૦ જેટલી થાય છે, તે કબજે કર્યા હતા. આ મામલે પોલીસે આરોપી વાઘજીભાઈ શીવાભાઈ પરમાર વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## બામણીયા સબ ડિવિઝન: વીજ બેદરકારીથી અકસ્માત, તંત્ર સામે સવાલ

બામણીયા સબ ડિવિઝન. મહુવા તાલુકાના કરચેલીયા ગામે ૪.૧૨.૨૦૨૫ના રોજ વીજળીના વાયર સંબંધિત અકસ્માત સર્જાતા વહીવટી તંત્રની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનામાં બાઇક ચાલકનો આબાદ બચાવ થયો હતો, પરંતુ અકસ્માત સર્જાયા બાદ તરત જ વીજ પુરવઠાની સાફસફાઈ કરી દેવામાં આવી.
આ અકસ્માત બાદ બામણીયા સબ ડિવિઝનના કર્મચારીઓને જાણ કરવા છતાં, કરચેલીયા સહિત કાછલ ફીડર હેઠળ આવતા અનેક ઘરોમાં આખી રાત વીજ પુરવઠો બંધ રહ્યો હતો. સ્થાનિકોએ કર્મચારીઓ પર બેતાજ બાદશાહ બનીને બેસી રહેવાના આક્ષેપો કર્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે આવા બેદરકાર કર્મચારી સામે બામણીયા સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર પગલાં કેમ નથી લેતા? શું ડેપ્યુટી એન્જિનિયર પણ આવા બેદરકાર કર્મચારીઓ સાથે હપ્તાના મળખે ચઢ્યા છે? કાછલ ફીડરના જવાબદાર લાઇન મેનની બેદરકારીને કારણે પ્રજાને મુશ્કેલી વેઠવી પડી છે. કોઈ વ્યક્તિનો જીવ જોખમમાં મુકાયા બાદ જ તંત્ર જાગશે? **રિપોર્ટ: ભાવેશ પટેલ**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા બસ-ટ્રક અકસ્માતમાં ડ્રાઇવરની ઝડપી સમજદારી

વડોદરા. વડોદરા કારંટા બસ અને ટ્રક વચ્ચે ખાનપુરથી લાંબડીયા જતા માર્ગ પર અકસ્માત સર્જાતા ખળભળાટ મચી ગયો હતો. ટ્રક ચાલકે બસને અડફેટે લીધી હતી, પરંતુ બસ ડ્રાઇવરે અસાધારણ સમયસૂચકતા વાપરીને બસને નિયંત્રિત કરી, જેથી મોટી જાનહાનિ થતા ટળી હતી. ટ્રક ચાલક અકસ્માત સર્જીને ટ્રક સાથે જ નાસી છૂટ્યો હતો. આ ઘટના બાદ બકોર પોલીસ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી હતી અને ટ્રક ચાલકને ઝડપી પાડવા તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બસ ડ્રાઇવરના પગલાંની પ્રશંસા થઈ રહી છે.

**રિપોર્ટ : કિરણ ગોહેલ**



## ઊંટીયા ગામે એસબીઆઈની અન્નદાતા ઉત્સવ જાગૃતિ મિટીંગ

એસબીઆઈ બેંક દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં બેંકિંગ સેવાઓની સમજ વધારવા ગામે ગામ મિટીંગો યોજાઈ રહી છે. તે મુજબ 11 ડિસેમ્બર, 2025ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઊંટીયા ગામે અન્નદાતા ઉત્સવ મિટીંગનું આયોજન થયું. ઊંટીયા ગ્રામ પંચાયતના સરપંચ ભાણાભાઈ લાખનોત્રા, સભ્યો અને ગામજનોની હાજરીમાં ચામુંડા માતાજી મંદિર ખાતે કાર્યક્રમ યોજાયો. ડુંગર એસબીઆઈ બેંક મેનેજર અરવિંદ અભંગે ખેડૂતોને ખેતી પાક વીમા, જમીન આધારિત લોન, ગોલ્ડ લોન અને પર્સનલ લોનનો તફાવત સમજાવ્યો. પાક નુકસાનની રકમ ખાતામાં ન જમા થતી હોઈ તો ઈ-કેવાયસી પૂર્ણ કરવાનો મહત્વ સહિત અન્ય બેંકના ખાતાથી થતી ગેરસમજ અંગે માર્ગદર્શન અપાયું. તેમણે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા, જીવન જ્યોતિ વીમા અને આકસ્મિક વીમા યોજનાઓ વિશે જરૂરી માહિતી આપી. **રિપોર્ટર સરફરાઝ ખોખર**

## CISF ટ્રેનિંગ પૂર્ણ કરી કેરાળા પરત ફરેલી રવિનાબેનનું ભવ્ય સન્માન

ગઢડા. ગઢડા તાલુકાના કેરાળા ગામનું ગૌરવવંતુ નામ રોશન કરનાર દીકરી રવિનાબેન રમેશભાઈ કટારીયા CISF (Central Industrial Security Force) ની ટ્રેનિંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરતાં સમગ્ર ગામમાં હર્ષોલ્લાસ છવાયો હતો. રવિનાબેનનું સન્માન કરવા માટે ગઢડાથી કેરાળા સુધી ૧૦ કિલોમીટર લાંબી ભવ્ય રેલી યોજવામાં આવી હતી, જેમાં ૨૦૦થી વધુ ટુ-વ્હીલર અને ૫ ફોર-વ્હીલર સહિત ૫૦૦ જેટલા યુવાનો, યુવા બહેનો અને માતાઓ જોડાયા હતા.

કેરાળા પહોંચ્યા બાદ રવિનાબેનનું સન્માન કરવા માટે અનેક કાર્યક્રમો યોજાયા. કેરાળા સ્વામિનારાયણ ગુરુકુલના સંત વિહારી સ્વામી તેમજ ગુરુકુલના શિક્ષકો અને બાળકોએ તેમને સન્માનિત કર્યા. આ ઉપરાંત, કેરાળા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રવિણભાઈ, શિક્ષક સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા પણ દીકરીનું સન્માન કરાયું. રવિનાબેને મહાદેવ મંદિર, રામજીમંદિર, રામદેપીર મંદિર અને કુળદેવી માતાજીના મઢની પણ મુલાકાત લીધી હતી.

**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**




**કેરાળા ગામનું ગૌરવ, CISF ટ્રેનિંગ પૂર્ણ, રવિનાબેન કટારીયા સન્માન, ગઢડા સન્માન રેલી, દીકરી સશક્તિકરણ**

## ગુજરાત: જિલ્લા દીઠ ₹૧૦ કરોડની ગ્રાન્ટ સાથે ટુરિઝમ સોસાયટી બનશે

રાજ્યના પ્રવાસન સ્થળો પરની સુવિધાઓના અભાવને પગલે પ્રવાસીઓને પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે રાજ્ય સરકારે કમર કસી છે. સરકારે હવે દરેક જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે અલગ પ્રવાસન વિકાસ સોસાયટી (Tourism Development Society) નું નિર્માણ કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે.

પ્રાથમિક તબક્કે, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ અને સુવિધા વધારવાના ધ્યેયથી આ સોસાયટીનું નિર્માણ થશે. આ નવા પ્રોજેક્ટ્સ માટે જિલ્લા દીઠ વાર્ષિક ₹૯ થી ૧૦ કરોડ સુધીની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરવામાં આવી છે.

આ નિર્ણયથી ઈડર ગઢ, વિજયનગર પોળો ફોરેસ્ટ, શામળાજી મંદિર, દેવની મોરી અને ઝાંઝરી ધોધ જેવા સ્થળોએ વિકાસની શક્યતાઓ વધી છે. પ્રવાસીઓને આકર્ષવા માટે પોળો ફોરેસ્ટમાં ટ્રેકિંગ રૂટ, નેચર ટ્રેઇલ, પાર્કિંગ સુવિધા, ઈડર ગઢના માર્ગોનું સુધારણા અને પોશીના વિસ્તારની જનજાતિ હસ્તકલાને પ્રોત્સાહન જેવા કાર્યોને ગતિ મળશે. આ સોસાયટીઓના નિર્માણથી સ્થાનિક જરૂરિયાત મુજબના પ્રોજેક્ટ્સ પસંદ કરવાની પ્રક્રિયા સરળ બનશે. **રિપોર્ટ : જનક જાદવ**



## માંગલેજ ચોકડી ખાતે કરોડોની વિદેશી દારૂ હેરાફેરીનો ભંડાફોડ

કરજણની માંગલેજ ચોકડી પાસે આવેલા સનસાઇન હોટલ કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂની મોટા પાયે હેરાફેરીનો ખુલાસો થતા વિસ્તારમાં ચકચાર મચી છે. સ્થળ પરથી વિદેશી દારૂની કુલ ૨૧,૩૬૪ બોટલો મળી આવી છે, જેઓની બજાર કિંમત રૂ. ૭૯,૧૭,૫૦૪ થાય છે. additionally, કન્ટેનર (GJ-DD-01-H-9720) સહિત કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૮૯,૪૨,૫૦૪ સુધી પહોંચે છે. હેરાફેરીમાં સંડોવાયેલા બુદ્ધીપ્રકાશ સુરેશચંદ્ર ઢોલી અને રવી સુરેશચંદ્ર ઢોલીની ઓળખ થઈ છે, જ્યારે લાલસિંગ રાઠોડ હજી વોન્ટેડ છે. મુખ્ય હોટસ્પોટ તરીકે ઓળખાતી માંગલેજ ચોકડીમાં થયેલો આ મોટો જથ્થો તસ્કરીના નેટવર્ક અંગે અનેક સવાલો ઊભા કરી રહ્યો છે.

## બોલેરો પિકઅપની ટક્કરે બે વર્ષની બાળકીનું કરૂણ મોત

આસોજ ખાતે એરો બિલ્ડકોન કંપની સામે થયેલી ઘટનામાં મહિન્દ્રા બોલેરો પિકઅપ (GJ-23-Y-4237) દોડતી આવતાં રસ્તા પર ઉભેલી બે વર્ષની રિયા દિલીપભાઈ બિલવાળ પર ચડી જતાં તાત્કાલિક મોત નિપજ્યું. અચાનક બનેલી આ દુર્ઘટનાથી ત્યાં હાજર લોકોમાં ભય અને શોક છવાઈ ગયા. સ્થાનિકોના જણાવ્યા મુજબ ઉદ્યોગ વિસ્તારમાં ભારે વાહનવ્યવહાર અને ઝડપથી દોડતા ટેમ્પો–પિકઅપને કારણે અકસ્માતોની સંભાવના સતત વધતી જાય છે. ઘટનાએ ફરી એકવાર માર્ગસુરક્ષા અને ગતિનિયંત્રણ અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. તંત્ર દ્વારા ઘટના કેવી રીતે બની તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

## નવસારીમાં ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની SIR સમીક્ષા બેઠક

નવસારી. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે નવસારીના ટાઉનહોલ ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય ત્રણ જિલ્લાઓ – નવસારી, વલસાડ અને સુરતના SIR (Strategic Implementation Review) માં જવાબદારી સંભાળતા કાર્યકર્તાઓનો મેળાવડો થયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહે સૌને આવકાર્યા હતા. SIR ઝોનના ઇન્ચાર્જ અને પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલે આગામી દિવસોમાં સંગઠનાત્મક કાર્યક્રમ 'Face-2' હેઠળ કરવાના કાર્યોની વિગતવાર રૂપરેખા અને મહત્ત્વના સૂચનો આપ્યા હતા. આ બેઠકનું મુખ્ય આકર્ષણ SIR કામગીરીના રાષ્ટ્રીય સંયોજક ઓ. પી. ધનગડની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ દરેક જિલ્લાના સંગઠનાત્મક પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી અને કાર્યકર્તાઓને સરકાર અને સંગઠન વચ્ચે સેતુરૂપ બનીને જમીની સ્તરે કામ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બેઠકમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ જનકભાઈ બગદાણાવાળા, પ્રદેશ મંત્રી શીતલબેન સોની, તેમજ ધારાસભ્યો આરસી પટેલ, રાકેશભાઈ દેસાઈ, ઇશ્વરભાઈ પરમાર, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, ગણપતભાઈ વસાવા અને મોહનભાઈ ધોડિયા સહિત તમામ અપેક્ષિત પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

**રિપોર્ટ : ભરત દેસાઈ**




## અલિંદ્રા GIDC નજીક ફોરવ્હીલ ટક્કરથી યુવાન ઈજાગ્રસ્ત

અલિંદ્રા જીઆઈડીસીના જિંદાલ ચોકડી નજીક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે (GJ-06-BV-1499) એક્ટીવા મોપેડને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો. ઘટનામાં આશુતોષગુંજન દિલિપકુમાર સિંહ ઇજાગ્રસ્ત થયા છે અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા. અકસ્માત બાદ ફોરવ્હીલ ચાલક ફરાર થઈ જતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો. ઉદ્યોગ વિસ્તાર હોવાને કારણે અતિ વાહનવ્યવહાર અને ઝડપને કારણે અકસ્માતોમાં વધારો થવાની ચર્ચા ફરી પગભર થઈ છે.

## મોટા ભરડા નજીક રિક્ષા પલટી અકસ્માતમાં યુવાનનું મોત

વાઘોડિયા વિસ્તારમાં મોટા ભરડા ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાયો છે, જ્યાં સીએનજી રિક્ષા (GJ-06-BZ-4883) લીમડાના ઝાડ સાથે જોરદાર અથડાઈ પલટી ખાઈ ગઈ. બેદરકાર રીતે રિક્ષા હંકારી રહેલા ચાલક લાલજીભાઈ ભીખાભાઈ વસાવાના નિયંત્રણ ગુમાવતાં આ દુર્ઘટના બની હોવાનો પ્રાથમિક અંદાજ છે. અકસ્માતમાં તુસીયાભાઈ નાયકને ગંભીર ઇજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ દુર્ભાગ્યે મોત નીપજ્યું. અચાનક બનેલી આ ઘટના સ્થળ પર હાજર ગ્રામજનોમાં શોક અને ચિંતા ફેલાવી ગઈ છે. નજીકના રહેવાસીઓએ રિક્ષાના અતિ ઝડપે ચાલવાના બનાવો વિશે ચિંતાઓ પણ વ્યક્ત કરી છે. તંત્ર દ્વારા અકસ્માતની તપાસ આગળ વધારાઈ રહી

## હિટ એન્ડ રન અકસ્માતમાં યુવાનનું કરૂણ મોત

વાઘોડિયા વિસ્તારમાં ઘનશ્યામપુરાથી ચંપાલીયાપુરા રોડ પર અજાણ્યા વાહન ચાલકે હિરો હોન્ડા પેશન પ્રો બાઈકને ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો. ઘટનામાં સંજયભાઈ અર્જુનભાઈ કનોજીયાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે નિલેશભાઈ કુબેરભાઈ સોનારા ઇજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ આરોપી વાહન ચાલક સ્થળેથી ફરાર થઈ જતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. સીસીટીવી તથા અન્ય તથ્યોના આધારે ઘટનાની તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## માંગલેજ ચોકડી ખાતે કરોડોની દારૂ હેરાફેરીનો પર્દાફાશ

કરજણની માંગલેજ ચોકડી નજીક સનસાઇન હોટલ કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂની વિશાળ હેરાફેરી બહાર આવતા ચકચાર મચી ગઈ છે. સ્થળ પરથી કુલ ૨૧,૩૬૪ બોટલ મળી આવી છે, જેઓની કિંમત રૂ. ૭૯,૧૭,૫૦૪ થાય છે, જ્યારે કન્ટેનર (GJ-DD-01-H-9720) સહિત મુદ્દામાલ રૂ. ૮૯,૪૨,૫૦૪ સુધી પહોંચે છે. બુદ્ધીપ્રકાશ સુરેશચંદ્ર ઢોલી અને રવી સુરેશચંદ્ર ઢોલીની સંડોવણી બહાર આવી છે, જ્યારે લાલસિંગ રાઠોડ હજી વોન્ટેડ છે. ઉદ્યોગ વિસ્તાર પાસે મળી આવેલો આ જથ્થો દારૂ તસ્કરીના જાળ અંગે ગંભીર સવાલો ઉભા કરે છે.




## જુનાગઢમાં દારૂકાંડનો પર્દાફાશ: પોલીસ-બુટલેગર ગઠજોડ બહાર આવ્યું

જુનાગઢ/કેશોદ. જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માંગરોળ–પોરબંદર હાઈવે પરથી રૂ. ૪૮.૯૦ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ ગુજરાતમાં દારૂબંધી વચ્ચે પણ ચાલી રહેલા પોલીસ-બુટલેગર ગઠજોડનો પર્દાફાશ થયો છે. ટ્રક ડ્રાઈવરની પૂછપરછમાં જે વિગતો બહાર આવી, તે પોલીસ તંત્ર માટે અત્યંત ચોંકાવનારી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે દારૂનો આ મોટો કન્સાઈનમેન્ટ અન્ય ત્રણ શખ્સોના સહયોગથી માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી અતુલ દયાતરે જ મંગાવ્યો હતો. કાયદાના રક્ષક જ કાયદાના ભંગમાં સીધી રીતે સંડોવાયેલા હોવાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં સનસનાટી મચાવી છે. ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક કાર્યવાહી કરીને પોલીસ કર્મચારી અતુલ દયાતર સહિત તમામ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, ગેરકાયદેસર



દારૂની હેરાફેરીમાં સ્થાનિક પોલીસ કર્મચારીઓનું નેટવર્ક સક્રિય છે. દારૂબંધી માત્ર કાગળ પર રહી હોય તેવું આ બનાવ પરથી લાગી રહ્યું છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને સમગ્ર પ્રકરણના મૂળ સુધી પહોંચવા અને અન્ય સંડોવાયેલા કર્મચારીઓ સામે કડક પગલાં લેવાના આદેશ આપ્યા છે. પોલીસની છબી ખરડાવનારી આ ઘટના અંગે સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો આવ્યો છે. **રિપોર્ટર: હર્ષ ભરડા, કેશોદ**

## ૧૦૮ સ્ટાફે ₹૫૧ હજાર રોકડા પરત કર્યા: માનવતાનું ઉદાહરણ

આણંદ/આંકલાવ. આંકલાવ-ઉમેટા રોડ પર બિલપાડ ગામના રહેવાસી જયંતિભાઇ કનુભાઈ પરમાર સાથે ગમખ્વાર અકસ્માત થયો હતો. માર્ગ પર અચાનક ગાય આડી પડતાં જયંતિભાઈ બાઇક પરથી ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતાં EMT સચીન પટેલ અને પાયલોટ દિનેશભાઈ મકવાણા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્રાથમિક સારવાર માટે તેમને આંકલાવ CHC અને ત્યારબાદ આણંદની ઝાયડસ હોસ્પિટલમાં રીફર કરાયા હતા.

જયંતિભાઈને હોસ્પિટલ પહોંચાડ્યા બાદ ૧૦૮ સ્ટાફ દ્વારા દર્દીની અંગત વસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન તેમની પાસેથી ₹૫૧,૪૧૦ ની મોટી રકમ, એક મોબાઈલ ફોન અને ઘડિયાળ મળી આવ્યા હતા. કોઈપણ જાતની લાલચ રાખ્યા વિના, EMT સચીન પટેલ અને પાયલોટ દિનેશભાઈ મકવાણાએ પ્રમાણિકતા દાખવીને આ તમામ કિંમતી વસ્તુઓ સાથે આવેલ સગાને સોંપી દીધી હતી. ૧૦૮ સ્ટાફની આ નિષ્ઠા અને પ્રમાણિકતા આજે સમાજ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ બની રહી છે.

**રિપોર્ટ : કિરણ ગોહેલ**



**૧૦૮ માનવતા, સચીન પટેલ દિનેશભાઈ મકવાણા, આંકલાવ અકસ્માત, EMT પ્રમાણિકતા, ઝાયડસ હોસ્પિટલ**

## હાઇવે પર હિટ-એન્ડ-રન: નિર્દોષનો ભોગ

વડોદરા: વડોદરા-હાલોલ હાઇવે પર મછલીપુરા ગામની સીમમાં ગઈકાલે એક ભયાનક હિટ-એન્ડ-રનની ઘટના નોંધાઈ હતી. એક અજાણ્યા ફોરવ્હીલર ચાલકે બેફામ ગતિએ આવીને સુઝુકી એક્સેસ સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં ૬૭ વર્ષીય સુરેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેમની પત્ની ભીખીબેન સુરેન્દ્રસિંહ ચૌહાણને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટક્કર માર્યા બાદ ફોરવ્હીલર ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે જરોદ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## ધોરાજીમાં એઈડ્સ, ચક્ષુદાન જાગૃતિ માટે સરકારી હોસ્પિટલની રેલી

ધોરાજી. સરકારી હોસ્પિટલ દ્વારા સમાજમાં આરોગ્યલક્ષી જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુથી એઈડ્સ, ચક્ષુદાન, દેહદાન, સ્કીન ડોનેશન, બીપી અને ડાયાબિટીસ જેવા મહત્ત્વના વિષયો પર જનજાગૃતિ અભિયાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને સરકારી હોસ્પિટલના અધિક્ષક જયેશ વેસેટીયન દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ સરાહનીય કાર્યક્રમમાં કન્યા વિદ્યાલયની મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ, હોસ્પિટલ સ્ટાફ પરિવાર, સામાજિક સંસ્થાના હોદ્દેદારો અને જાગૃત નાગરિકો બેનરો સાથે ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રેલી જ્યારે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ત્યારે વેપારીઓ અને આગેવાનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. આ તકે નિષ્ણાત ડોક્ટરોએ એઈડ્સ, ડાયાબિટીસ, બીપી નિયંત્રણ અને મરણોત્તર ચક્ષુદાનના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, જાગૃતિ ફેલાવતી પત્રિકાઓનું વિતરણ કરીને લોકોને રક્તદાન અને દેહદાન માટે આગળ આવવા અપીલ કરાઈ હતી. **રીપોર્ટ નયનભાઈ રાવરાણી**




## યુવાનો માટે લોન એપ્સ અને ક્રેડિટ કાર્ડ સૌથી મોટો ખતરો

નાણાકીય નિષ્ણાત શ્રી કુલદીપ સંઘવીજી સાથેની વિશેષ ચર્ચામાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, Instant Loan Apps અને અનિયંત્રિત Credit Cardનો ઉપયોગ આજના યુવાનોને આધુનિક દેવાના બોજમાં ફસાવી રહ્યો છે. આ એપ્સની અનિયંત્રિત કાર્યશૈલી ગ્રાહકોની અંગત ગોપનીયતા (Privacy) માટે મોટો ખતરો છે. આ એપ્સ Contacts, Photos અને Location સહિતની સંવેદનશીલ વ્યક્તિગત માહિતી ગેરકાયદેસર રીતે 'કેપ્ચર' કરે છે, જેનો દુરુપયોગ થાય છે. સંઘવીજીએ ઉદાહરણ આપતાં જણાવ્યું કે, જ્યારે EMI ચૂકવવામાં વિલંબ થાય છે, ત્યારે લોન એપ્સ દ્વારા થતા હેરાનગતિભર્યા કોલ્સ (Harassment Calls) માત્ર માનસિક તણાવ (Mental Stress) જ નહીં, પરંતુ સામાજિક બદનામી (Social Shame) પણ લાવે છે. વળી, Credit Card પર માત્ર Minimum Payment ચૂકવવાની લાલચ લોકોને ઊંચા વ્યાજદરના અનંત ચક્રમાં ફસાવે છે, જેમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય છે અને અંતે વ્યક્તિ 'Debt Trap' માં ધકેલાઈ જાય છે. શ્રી સંઘવીજીએ સરકાર અને નિયમનકારી સંસ્થાઓને તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે. તેમણે Digital Lending Platforms પર કડક નિયંત્રણો લાદવા, Data Privacy કાયદાને મજબૂત બનાવવા અને લોન વસૂલાતની હેરાનગતિ વિરુદ્ધ કડક કાયદા બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. અંતમાં, તેમણે યુવાનો અને વેપારીઓને નાણાકીય અજ્ઞાનતાને સૌથી મોટો જોખમ ગણીને, દરેક નાણાકીય નિર્ણય પહેલાં યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે અપીલ કરી હતી.

**રિપોર્ટ : પવન રાઠોડ**




## ઇડર: શ્રીનગર સોસાયટીના રહીશોની રજૂઆત બાદ દબાણ હટાવાયું

અમરેલી/જાફરાબાદ. જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના માછીમારો અને રહેવાસીઓએ પીપાવાવ પોર્ટ દ્વારા ખાનગી કંપની થકી ચાલી રહેલી નવી ગેસ જેટી માટેની ડ્રેજિંગ કામગીરી સામે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે મળીને ગ્રામજનોએ કલેક્ટર વિકલ્પ ભારદ્વાજને આવેદનપત્ર સુપરત કરી ડ્રેજિંગ તાત્કાલિક સ્થગિત કરવાની માંગ કરી હતી. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સ્પષ્ટતા કરી કે, "ઉદ્યોગના ભોગે ગામ આખું બરબાદ થઈ જાય તેવું નહીં થવા દઈએ. ગ્રામજનોની રોજીરોટી સુરક્ષિત રહે તે અમારી પ્રાથમિકતા છે." ગ્રામજનોનો મુખ્ય આક્ષેપ છે કે ડ્રેજિંગ દરમિયાન માછીમારોના બોયા કાઢી નાખવામાં આવ્યા છે અને જાળને મોટું નુકસાન પહોંચ્યું છે, જેનું વળતર અપાયું નથી.

શિયાળબેટના સરપંચ મંજુબેન બાલધીયાએ જણાવ્યું કે, "ડ્રેજિંગથી નાના પાયાના માછીમારોની આખી રોજી રોટી જોખમમાં છે. વળી, ઊંડાણપૂર્વકના ડ્રેજિંગથી દરિયાના પથ્થરો બહાર આવતા શિયાળબેટ ટાપુને પણ જોખમ ઊભું થયું છે." સ્થાનિકોને ૫૦% રોજગારી પણ ન મળતા અસંતોષ છે. કલેક્ટરને માછીમારોને યોગ્ય વળતર આપવા અને ટાપુના અસ્તિત્વને ખતરામાં મુકતા કાર્યો રોકવા માંગ કરાઈ છે. રિપોર્ટ : **સરફરાઝ ખોખર અમરેલી**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫